# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૦૯/૦૬/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ટેકસેશન વિશે વેબિનાર યોજાયો

## સીએ પલક પાવાગઢીએ 'ચેન્જીસ એન્ડ ચેલેન્જીસ ઓફ ન્યુ આઇટીઆર ફોર્મ્સ, ટેકસ ઓડિટ રિપોર્ટ' વિશે તથા સીએ દિવ્યાંગ શાહે 'પ્રેકટીકલ આસ્પેકટ્સ ઓફ ફોર્મ નં. 26AS એન્ડ એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ' વિશે માહિતી આપી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ધી સધર્ન ગુજરાત ઈન્કમ ટેકસ બાર એસોસીએશન, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસીએશન– સુરત, સોસાયટી ફોર ટેકસ એનાલિસિસ એન્ડ રિસર્ચ અને વલસાડ ડિસ્ટ્રીકટ જીએસટી પ્રેકટીશનર્સ એસોસીએશન– વાપીના સહયોગથી ગુરૂવાર, તા. ૯ જૂન, ૨૦૨૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ઝુમ એપ્લીકેશનના માધ્યમથી 'ટેકસેશન' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વેબિનારમાં નિષ્ણાંત વકતા તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પલક પાવાગઢીએ 'ચેન્જીસ એન્ડ ચેલેન્જીસ ઓફ ન્યુ આઇટીઆર ફોર્મ્સ, ટેકસ ઓડિટ રિપોર્ટ' વિશે માહિતી આપી હતી. તેમણે આઇટીઆર ફોર્મ્સ તેમજ ઇશ્યુઝ ઈન કલોઝીસ ઓફ ટેકસ ઓડિટ વિશે સમજણ આપી આ ઓડિટ રિપોર્ટના મહત્વના કલોઝીસ વિશે ચર્ચા કરી હતી. અન્ય વકતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યાંગ શાહે 'સબ પ્રેકટીકલ આસ્પેકટસ ઓફ ફોર્મ નં. 26AS એન્ડ એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ' વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ હિમાંશુ બોડાવાલાએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની ઇન્કમ ટેકસ કમિટીના સભ્ય એડવોકેટ દિપેશ શાકવાલાએ વેબિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું. ઇન્કમ ટેકસ કમિટીના સભ્ય પ્રિતેશ શાહે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશનના પ્રમુખ અનિલ શાહે વકતા સીએ પલક પાવાગઢીનો તથા ચેમ્બરની ઇન્કમ ટેકસ કમિટીના સભ્ય કમલેશ પંડયાએ વકતા સીએ દિવ્યાંગ શાહનો પરિચય આપ્યો હતો. અંતે અનિલ શાહે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.